# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૦/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'રોલ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઇન બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ આફટર કોરોના' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશન, સુરતના સંયુકત ઉપક્રમે આજે બપોરે ૧૨:૦૦ કલાકે 'રોલ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઇન બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ આફટર કોરોના' વિશે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં એસ.એન.કે. એન્ડ કંપનીના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી સંજય કાપડીયાએ બિઝનેસને સારી રીતે ચલાવવા માટે ઉદ્યોગકારો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે એકબીજાના પૂરક બનવું પડશે તેમ કહી મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને હવે કોન્ફીડેન્શીયલ એસોસિએટ્સ ઓફ ઇન્ડસ્ટ્રી તરીકે રોલ અદા કરવાની તેમજ પ્રેકટીસમાં ગ્રોથ લાવવા માટે કલાયન્ટ્સને એજયુકેટ્સ કરતા રહેવાની સલાહ આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે, લોકડાઉન બાદ વેપાર–ધંધા શરૂ થશે ત્યારે ઘણી બધી મુશ્કેલી પડવાની છે. એના માટે ચેમ્બર સજાગ છે અને બેંક ઇન્ટરેસ્ટ તેમજ ઇએમઆઇના મોરેટોરિયમને વધારવા સહિતના વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરી છે. સરકાર પોતાની રીતે ઉદ્યોગોને બેઠા થવા માટે પ્રયાસ કરશે પરંતુ આપણી પ્રોડકશન કોસ્ટ કઇ રીતે નીચે લાવવી તે અંગે આપણે પ્રયાસ કરવો પડશે. એમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને ટેક્ષ કન્સલ્ટન્ટની ભૂમિકા મહત્વની રહેવાની છે. આથી આજના વેબીનારમાં તે અંગે મહત્વનું માર્ગદર્શન મળી રહેશે.

સીએ સંજય કાપડીયાએ સૌપ્રથમ દેશના ફાયનાન્શીયલ ડેટા અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, આપણા દેશનું રૂપિયા ૩૦ લાખ ૩૨ હજાર કરોડનું બજેટ છે. તે સમયે કોરોનાની કોઇને ખબર ન હતી. અત્યારે ક્રુડ ઓઇલના ભાવોમાં જે ઘટાડો થયો છે તેમાં આપણે ૩૦થી ૩૫ ડોલર પર બેરલ સેવીંગ કરીશું. એટલે ૩ લાખ ૬૦ હજાર કરોડ રૂપિયા આપણી પાસે રહેવાના છે. સરકાર હવે ઘણા બધા બદલાવ લાવશે. સરકારે ૧ લાખ ૭૦ હજાર કરોડ રૂપિયા જે નવા ફાળવ્યા છે તેનો શું ઉપયોગ થવાનો છે એવું લોકો વિચારી રહયાં છે. અત્યારનો સમય આપણા માટે કપરો છે પણ એમાંથી આપણે બહાર આવી શકીશું.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, અત્યારે અમેરિકાની ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડકટ ૨૦ ટ્રિલીયન ડોલર છે, ચાઇનાની ૧૧ ટ્રિલીયન ડોલર અને ભારતની ૩ ટ્રિલીયન ડોલર છે. ઇન્ટરનેશનલ માર્કેટમાં ભારત ખૂબ જ સારો ધંધો કરી શકે તેમ છે. આથી ઉદ્યોગકારોએ આ તકનો લાભ લેવા માટે પોતાના ખર્ચાઓ કઇ રીતે ઘટાડવા તેમજ પ્રોડકટની કોસ્ટ કઇ રીતે નીચે લાવવી તે વિશે વિચારવુ પડશે. ઉદ્યોગકારોએ હવે પહેલાંની જેમ એકબીજાનું સાંભળીને નહી પણ ડિસીપ્લીન વેમાં બિઝનેસ કરવો પડશે. થોડુંક ઘસાવવું પડશે અને થોડુ જતુ કરવુ પડશે. સ્વાર્થ છોડીને પરમાર્થ કરવાનો છે તેમજ ઇગોને સાઇડમાં મુકી ઇકોનોમી મેનેજ કરી સંબંધો કમાવવા પડશે. ઇન્ડસ્ટ્રી માટે હવે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે પોતે જાગતા રહીને વેપારીઓને જગાડવા પડશે અને ભૂલોને ભગાડવી પડશે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, ઉદ્યોગકારોએ હવે પ્રોફેશનલ સીએનો પણ ઉપયોગ લેવો જોઇએ. ઇન્ડસ્ટ્રી માટે સીએની ડેફીનેશન બદલાવવી જોઇએ. સીએને હવે કોન્ફીડેન્શીયલ એસોસિએટ ઓફ ઇન્ડસ્ટ્રી તરીકેનો રોલ અદા કરવો પડશે. સીએ માત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નથી પણ તે હવે કેરફુલ એકાઉન્ટન્ટ, કેરીંગ એકાઉન્ટન્ટ, કોમ્પીટન્ટ એકાઉન્ટન્ટ, કલેવર એકાઉન્ટન્ટ અને કોમ્પ્લાયનીગ એકાઉન્ટન્ટ છે. દર મહિને એક વખત સીએની સાથે બેંકરને મળવાનું રાખો. બેંકર તમને બિઝનેસ માટે નવી નવી માહિતી આપશે. આપણને ફન્ડીગ માટે જેટલી જરૂરિયાત હશે તેટલા જ રૂપિયા બેંક પાસેથી લેવાના રહેશે. સામાન્યપણે ઉદ્યોગકારો વર્કીંગ કેપીટલ લઇ લેતા હોય પણ એ રૂપિયા મશીનરીમાં નાંખી દેતા હોય છે. એટલે આવું નહી થાય તેનુ ધ્યાન રાખવુ પડશે.

સીએ કાપડીયાએ વધુમાં કહયુ કે, ઉદ્યોગકારો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ બંનેએ સાથે બેસીને કેશ ફલો સારી રીતે મેનેજ કરવો પડશે. ડોમેસ્ટીક કેશ ફલો બનાવી લેવો પડશે. ઘરના બધા જ ખર્ચાઓની ચર્ચા કરી લેવી પડશે. ત્યારબાદ બિઝનેસમાં દર ત્રણ મહિને કેશ કઇ રીતે આવશે તેની ચર્ચા કરવાની રહેશે. તેમણે ઉદ્યોગકારોને કહયુ હતુ કે તમારી પાસે કેટલા રૂપિયા પડેલા છે તે પહેલા શોધી લો. ત્યારબાદ જ તમે બેંક પાસે જાઓ અને અન્ય રૂપિયા લેવા માટે પ્રયાસ કરો. પહેલા આપણે બેંકને આપવા માટે કેશ ફલો બનાવતા હતા પણ અત્યારે તમારે એકદમ ચોકકસ કેશ ફલો બનાવવો પડશે. એમાં તમારે ભૂલ કરવાની નહી રહેશે. પેમેન્ટને પણ રૂટીન, ઇમ્પોર્ટન્ટ અને અરજન્ટ પેમેન્ટ મોડમાં વહેચી લેવા પડશે. સમયસર પેમેન્ટ, ફાઇલીંગ અને રિપોર્ટીગમાં સજાગતા રાખવી પડશે તેમ જણાવી કેશ ફલો પ્રોજેકશન એન્ડ મેનેજમેન્ટ વિશે સમજણ આપી હતી.

તેમણે પ્રોડકશન પ્લાનીગ અને કોસ્ટ એનાલિસિસ વિશે જણાવ્યુ હતુ કે, સીએને ફેકટરીની વિઝીટ કરાવો અને પ્રોડકશન વિશે માહિતગાર કરો. એનાથી વેસ્ટ યુટીલાઇઝેશન કરી શકો તેમજ લેબર વેસ્ટને બચાવી શકાશે. સીએ સાથે એનર્જી ઓડીટ કરાવી શકો છો. મશીન દ્વારા જે પાવર વેસ્ટ થાય છે તે તમે બચાવી શકો છો. પ્રોડકટની કોસ્ટીગ કેટલી આવે છે તે અંગે સીએ સાથે ચર્ચા કરવી પડશે. પ્રોડકટ કોસ્ટીગની પ્રોફીટીબિલિટી

ઉપર શું અસર પડશે તેના વિશે સીએ જ તમને વ્યવસ્થિત માહિતી આપી શકશે. રો મટિરિયલ્સનું ખરીદવાનું પ્લાનીંગ સીએ સાથે બેસીને કરો. કલાઉડ બેઇઝ્ડ રિપોર્ટ અને રકોર્ડ રાખવા માટે સીએની મદદ લો.

આપણે કયારેય સેન્સીટીવિટી એનાલિસિસના કોન્સેપ્ટ વિશે વિચાર કરતા જ નથી. વર્કીંગ કેપીટલ મેનેજમેન્ટ કરવા માટે ઇન્વેન્ટરી મેનેજ કરવી પડશે. બિઝનેસ સારી રીતે ચલાવવા માટે ગોડાઉન સાફ રાખવો પડશે. હવે સપ્લાય ચેઇનમાં ભારતને લાભ થશે. યુનિવર્સલ બિઝનેસ ઇન્કમનો કોન્સેપ્ટ આવશે. બધી વસ્તુઓમાં કવોલિટી પ્રાયોરિટીમાં આવી જશે. વર્ક ફ્રોમ હોમ વધશે અને એજયુકેશન સિસ્ટમમાં બદલાવ આવશે. રાષ્ટ્રવાદ વધી જશે અને કન્ઝમ્પશન પેટર્ન બદલાઇ જશે.

ચેમ્બરના ફાયનાન્સ સેલના કન્વીનર શ્રી જનક પચ્ચીગરે વેબીનારનું સંચાલન કર્યુ હતુ. જેમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ટેક્ષ કન્સલ્ટન્ટ અને એડવોકેટ મળી ૩૦૦ જેટલા પ્રોફેશનલોએ ભાગ લીધો હતો તેમજ ઇન્ડસ્ટ્રી માટે ખૂબ જ ઉપયોગી થઇ શકે એવી માહિતીનો લાભ લીધો હતો. વેબીનારમાં ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ અને ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશન, સુરતના પ્રમુખ શ્રી અનિલ શાહે પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશન, સુરતના ઉપપ્રમુખ શ્રી કુલીન પાઠકે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.